


### પ્રખર ચિંતક અને સમર્થ સર્જક

# ડૉ. કુમારપાળ દેસાઈ સાથે મુક્ત સંવાદ

**ડૉ. કુમારપાળ દેસાઈ એટલે જૈન ધર્મ અને સમાજ અંગે જ્ઞાન અને માહિતીનો ભંડાર ! વાદ વિવાદ કે વિખવાદ નહિ પણ સંવાદ અને સમન્વયના પુરસ્કર્તા આ ચિંતક, સંશોધક, કોલમીસ્ટ, સાહિત્યકાર અને કુશળ વક્તા સમસ્ત જૈન વિશ્વના પ્રશંસનીય પ્રવક્તા છે. પ્રસ્તુત છે એમનો અંતરંગ ઓફબીટ ઈન્ટરવ્યૂ ભાગ-૧.**

સપના જૈન | સ્નેહી શાહ

**સ્થળ :** ઈન્સ્ટીટયુટ ઓફ જૈનોલોજીનું આંબાવાડી, અમદાવાદ ખાતેનું કાર્યાલય.
**સમય :** બપોરના પોણા બારથી સવા બે.

કુમારપાળ દેસાઈ એટલે ચુંબકીય પ્રતિભા ! અત્યંત નમ્ર, સરળ, ઉચ્ચકોટિના વિદ્વાન પણ વાણી, વર્તન વ્યવહારમાં જરાયે પાંડિત્યનો ભાર નહીં. અડધી સદીથી અખબારોમાં લેખન, ૧૧૦ પુસ્તકોનું સર્જન, જૈન ધર્મ, ઈતિહાસ, સંસ્કૃતિ અને અન્ય અનેકવિધ વિષયો પર સેંકડો સરસ, સરળ ભાવપૂર્ણ પ્રેરક પ્રવચનોનું સમૃધ્ધ ભાથુ! ડૉ. દેસાઈ વિશ્વ જૈન સમાજનું અનમોલ વિચાર મોતી છે. દિવ્ય ભાસ્કર અખબારે ગુજરાતના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં એમનો સમાવેશ કરી એમની ઓળખમાં 'વિશ્વમાં જૈન ધર્મ પર ઓથોરીટી' એવું જે બિરુદ આપ્યું છે એ વાસ્તવમાં એમની સકારાત્મક સર્જન યાત્રા પર એક નજર કરતાં બિલકુલ યથાર્થ લાગે છે.

માત્ર ૧૧ વર્ષની સાવ જ કાચી ઉંમરે કુમારપાળ દેસાઈએ અખબારોમાં બાળવાર્તા લખીને લેખક તરીકે સુદીર્ઘ કારકિર્દીનો આરંભ કર્યો હતો. પિતા જયભિખ્ખુ ઉંચા ગજાના સર્જક જેમણે ૩૦૦ કરતા વધુ પુસ્તકો લખ્યા હતા અને જેમાં બહુમતિ તો જૈન ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસા પર હતા. કુમારપાળ દેસાઈ લેખક પિતા જયભિખ્ખુ કરતાંયે એક કદમ આગળ નીકળી ગયા છે. ઉત્કૃષ્ટ કક્ષાનું લેખન કાર્ય અને સાથે સાથે ઉત્તમ વક્તા પણ હોવું એ બંને કૌશલ્ય બહુ ઓછા વ્યક્તિઓમાં જોવા મળે છે. કુમારપાળ દેસાઈ બહુમુખી, બહુઆયામી પ્રતિભાના ધની છે. એમના લેખનમાં જે એક ખમીર, ખુમારી, જોશ, જુસ્સો, સ્વાભિમાન, ગરિમા, અભિજાત્ય સંસ્કારિતા નજરે ચડે છે એ કરતાંયે વધારે ગુણો-ખાસિયતોને તેઓએ જીવન વ્યવહારમાં આત્મસાત કર્યા છે. ધર્મના પ્રાણતત્ત્વને અકબંધ રાખી સમયના બદલાતા પ્રવાહો સાથે તાલ મીલાવી શકે એવું ડૉ. દેસાઈનું આગવું મૌલિક જૈન ચિંતન કાબિલે દાદ છે. એમના વિચારો પ્રબુધ્ધ શ્રાવક-શ્રાવિકાઓને વિચારતા કરી મૂકે છે, મનમાનસને ભાવ ઊર્મિથી છલકાવી દે છે. એમણે લખેલા લેખોના પુસ્તકો અને રજૂ કરેલા મનનીય પ્રવચનોની ડીવીડી બનાવીએ તો સેંકડોની સંખ્યામાં થાય. (અફકોર્સ આ થવું જોઈએ)

કોઈપણ વિષય કે મુદ્દાને સંવેદનાનો સ્પર્શ આપી ઉચ્ચ ધાર્મિક મૂલ્યો સાથે સાંકળીને કથા કહાની જેવી સુગમ, રસિક હૃદયસ્પર્શી વાણીમાં રજૂ કરી શ્રોતાઓને રસ તરબોળ કરી શકનાર ડૉ. કુમારપાળ દેસાઈ માત્ર પ્રોફેસર, પી.એચ.ડી.

**હું ધર્મ વિશે ચિંતન કરું ત્યારે મારી સામે આખુ આકાશ આવે, એકાદ વાદળું ન આવે, સાંપ્રદાયિક વાડાબંધી કે રૂઢિગત સંકુચિતતા ન આવે પણ વિચારોની વ્યાપકતા અને વિશાળતા આવે**
**– કુમારપાળ દેસાઈ**



'શ્રી જૈન વર્લ્ડ' દ્વારા ડૉ. દેસાઈનો સવા બે કલાક અંતરંગ ઓફબીટ ઈન્ટરવ્યૂ

ગાઈડ, સાહિત્યકાર કે ઉત્તમ વકતા જ નહીં પણ કુશળ સંગઠનકર્તા, ટાઈમ મેનેજમેન્ટ એક્સપર્ટ, શિક્ષણવિદ્, સામાજિક અગ્રણી, મોટીવેશનગુરૂ અને ઓજસ્વી ચિંતક પણ છે અને અહીં કબૂલ કરવું જોઈએ કે એમના વ્યક્તિત્વ અને કૃતિત્વનો આટલો પરિચય ખરેખર તો એમની અધૂરી ઓળખ છે. એમની અસલ પહેચાન છે : મુઠ્ઠી ઊંચેરા માણસ. સ્વમાન, નિજાનંદ અને સરસ્વતી એમને વારસામાં મળ્યા છે. સારા વિચારો અને પરિકલ્પનાઓને તમાજ હિતાર્થે રજૂ કરવાના ઉન્નત ધ્યેયને તેઓ હંમેશા સમર્પિત રહ્યા છે અને એની જીવંત સાબિતી છે એમની ૫૦ વર્ષની સર્જનયાત્રા. જીવનમાં પૈસા કે દુન્યવી સફળતા નહિ પણ જૈન ધર્મના અઢળક વારસાને પ્રકાશમાં લાવી જન સામાન્ય સુધી લઈ જવાના એકનિષ્ઠ ધ્યેયને તેઓ કમિટેડ રહ્યા છે. સામાન્ય દિવસોમાં અને ખાસ તો પર્યુષણ પર્વમાં તેમના પ્રવચનોની સૌથી વધારે ડિમાન્ડ રહે છે. તેમની વાણી દિલ અને દિમાગ બંનેને સમાન રીતે અસર કરે છે.

કોઈને કદાચ અહીં પ્રશંસાનો અતિરેક લાગે તો ભલે લાગે પણ ડૉ. કુમારપાળ દેસાઈના સર્વાંગી જીવન કવનનું અહીં તો માત્ર એકાદ ટ્રેલર જ રજૂ થઈ શક્યું છે. સંપૂર્ણ ચિત્ર માટે તો વિશેષ અંક કરવો પડે. લેટ્સ કટ અ લોન્ગ સ્ટોરી શોર્ટ એન્ડ એન્જોય એન ઈન્ટીમેટ ઓફબીટ ઈન્ટરવ્યૂ ઓફ ડૉ. દેસાઈ...

**શ્રી જૈન વર્લ્ડ : ધર્મ પ્રત્યેની આપની દ્રષ્ટિ ખૂબ જ વ્યાપક અને સર્વગ્રાહી રહી છે. અન્ય વિષયો પ્રત્યે પણ તમારો દ્રષ્ટિકોણ ઉંડાણભર્યો અને નાવિન્યપૂર્ણ રહ્યો છે. આપનું ચિંતન–મનન આટલુ વિશાળ અને વ્યાપક કઈ રીતે બન્યું?**

**કુમારપાળ દેસાઈ :** ધર્મ કે અધ્યાત્મ મારા માટે જૂની પૂરાણી કે ખખડધજ વસ્તુ નથી પણ લાઈવ–જીવંત બાબત છે. મને પ્રાચીન ધાર્મિક સિધ્ધાંતોમાં પણ નવિનતા અને મૌલિકતા સૂઝે છે. હું એમાંથી તાજગી મેળવું છું. હું છેલ્લા પચાસ વર્ષથી અખબારોમાં લખું છું. વ્યાપક વિષય હોય, વિષયમાં રસ હોય, ન રસ હોય તો રસ વિકસાવી શકતા હો, અભ્યાસ પણ ઊંડો અને વિશાળ હોય તો નેચરલી તમારી સામે જે મુદ્દો આવે એને તમે અનેક ઍંગલથી જોઈ શકો, મૂલવી શકો, વિશ્લેષણ કરી એમાં ઊંડા ઉતરી શકો. ભાષા, સાહિત્ય, સ્પોર્ટ્સ, ઈતિહાસ, કલા, હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટ, જર્નાલિઝમ જેવા અનેક વિષયોમાં મેં ડૂબકી મારી છે. અનેક વિષયોમાં ચાંચ ડૂબાવી હોય તો સહજ છે કે તમે જે ટોપીક હાથ પર લો એને ખૂબ જ વિશાળ પરિપ્રેક્ષ્યમાં સમજી શકો, એક જ વિષયને અનેક વિષયોના દ્રષ્ટિકોણથી સમજી શકો, સમજાવી શકો, એના વિશે ગહન ચિંતન પણ કરી શકો. ધર્મ પણ આખરે આપણને આ જ તો શીખવે છે. આ History Today મેગેઝિન જુઓ. *(મેગેઝિન બતાવે છે.)* એ લોકો સ્પેશિયલી મને મોકલાવે છે. ટૂંકમાં હું અભ્યાસુ જીવ છું. જ્યારે



રાષ્ટ્રપતિભવનમાં પદ્મશ્રી અવોર્ડ સ્વીકારવા જઈ રહેલા કુમારપાળ દેસાઈ



તત્કાલીન રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ ડૉ. દેસાઈને પદ્મશ્રી એનાયત કરી રહ્યા છે



ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ ડૉ. નવલકિશોર શર્મા અને
મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સન્માન



ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી દ્વારા નવી દિલ્હીના
વિજ્ઞાનભવનમાં આયોજીત કેટલોગ વિમોચન પ્રસંગે
વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ સાથે

હું ધર્મ જોઉં, ધર્મ વિશે ચિંતન કરું ત્યારે મારી સામે આખું આકાશ આવે, એકાદ વાદળ ન આવે. સાંપ્રદાયિક વાડાબંધી કે રૂઢિગત સંકુચિતતા કદી ન આવે પણ વિચારોની વ્યાપકતા અને વિશાળતા આવે.

**તમે લખવાની શરૂઆત ક્યારે કરી હતી?**

મેં લખવાની શરૂઆત ૧૧વર્ષની ઉંમરે 'ઝગમગ' પત્રિકામાં જીવનચરિત્રાત્મક વાર્તાથી કરી હતી. પિતા જયભિખ્ખુ લેખક એટલે ઘરમાં પુસ્તકોના સંગનો રંગ લાગ્યા વિના ન જ રહે. સાહિત્ય સાથેનો નાતો સાવ નાની ઉંમરથી જોડાયો અને હવે તો જીવનની દોરી તૂટે ત્યાં સુધી ટકી રહેશે.

**તમારા બાળપણ વિશે કહો. તમારા બાળપણના એવા સંસ્મરણો જે તમને અહીં તાજા કરવા ગમે.**

મારું મૂળ વતન સાયલા. મારા દાદા લોદરા એટલે કે મહુડી પાસેના ગામમાં કારભારી તરીકે કામ કરતા. ઝવેરચંદ મેઘાણી પડોશમાં જ રહેતા હતા. કેવા કેવા માણસોનો અમારા આંગણે ત્યારે ડાયરો જામતો! કનુ દેસાઈ, દુલા ભાયા કાગ, ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય વગેરેનો મેળાવડો થતો. આ વાતાવરણની મારા પર મોટી અસર થઈ.

## ડૉ. કુમારપાળ દેસાઈ : વિશિષ્ટ પ્રતિભા પરિચય

**જન્મ** : ૩૦/૮/૧૯૪૨ **વતન** : સાયલા

**શિક્ષણ** : બી.એ (ગુજરાતી, સંસ્કૃત), એમ.એ. ગુજરાતી, પી.એચ.ડી. (આનંદઘન : એક અધ્યયન)

**વ્યવસાય** : ૩૮ વર્ષ અધ્યાપન કાર્ય, ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વ, ગાંધી વિચાર અને જૈન દર્શન એમ ત્રણ વિષયમાં પી.એચ.ડી. ગાઈડ

**વિશેષ ખ્યાતિ** : જૈન ધર્મ પર વિશેષ સંશોધન. પર્યુષણ પર્વ નિમિત્તે અત્યાર સુધીમાં ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા સાઉથ આફ્રિકા, સિંગાપોર, બેલ્જિયમ, હોંગકોંગ, વગેરેમાં પ્રેરક પ્રવચનો.

૧૯૯૩માં શિકાગોમાં અને ૧૯૯૯માં કેપ્ટાઉનમાં આયોજિત વિશ્વધર્મ પરિષદમાં વક્તા તરીકે ઉપસ્થિતિ. ૧૯૯૪માં વેટિકન સીટીમાં કેથોલિક ખ્રિસ્તી ધર્મના વડા પોપ જ્હોન પોલ સાથે ધર્મ ચર્ચા. ૨૦૧૦માં મુંબઈમાં સૌપ્રથમ ઓડિટોરીયમ હોલમાં મહાવીર કથા.

**લેખન** : અત્યાર સુધીમાં ૧૧૦ પુસ્તકો પ્રકાશિત. દર સપ્તાહે અખબારોમાં ૪ કોલમ. ગુજરાત સમાચારમાં 'ઈંટ અને ઈમારત' કોલમ ૪૦ વર્ષોથી લખે છે.

**વિવિધ પદ** : ગુજરાત યુનિવર્સીટીના ગુજરાતી વિભાગના માજી હેડ અને આર્ટ્સ ફેકલ્ટીના ડીન. ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪માં(પ્રથમ જૈન) પ્રમુખ. ગુજરાત સરકાર દ્વારા સૂચિત અહિંસા યુનિવર્સીટી એક્ટ અને પ્રોજેક્ટ કમિટિના ચેરમેન. ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ જૈનોલોજીના ભારત ખાતેના ટ્રસ્ટી અને કોઓર્ડીનેટર. જય ભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી. એક ડઝન કરતાં વધુ સંસ્થાઓમાં ટ્રસ્ટી. ભારત જૈન મહામંડળના ઉપપ્રમુખ અને અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપપ્રમુખ રહી ચૂક્યા છે.

**માન સન્માન** : ભારત સરકાર દ્વારા પદ્મશ્રી. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય એકેડેમી દ્વારા એવોર્ડ્ઝ. પત્રકારત્વમાં ત્રણ એવોર્ડ્ઝ. ઓલ ઈન્ડિયા જૂનિયર ચેમ્બર્સ તરફથી 'ટેન આઉટસ્ટેન્ડીંગ પર્સનાલીટીઝ ઓફ ઈન્ડિયા' એવોર્ડ, ઈંગ્લેન્ડમાં હેમચંદ્રાચાર્ય એવોર્ડ, જૈન સેન્ટર ઓફ નોર્ધર્ન કેલિફોર્નિયા દ્વારા ગૌરવ પુરસ્કાર, JAINA દ્વારા પ્રેસિડન્ટ સ્પેશિયલ એવોર્ડ વગેરે ૫૦ કરતા વધુ એવોર્ડ્ઝ અને પારિતોષિક.

**શોખ** : ધર્મ, ચિંતન, પ્રવચન અને લેખન. જૈન અને હિન્દુ ધર્મ પર સુંદર ચર્ચા અને વકતવ્ય.

**જીવન મંત્ર** : સીંપલ લીવીંગ, હાઈ થીંકીંગ એન્ડ નોબલેસ્ટ ડુઈંગ.

**ખ્યાતિ પ્રાપ્ત પુસ્તક** : સ્ટોરીઝ ફ્રોમ જૈનીઝમ, તીર્થંકર શ્રી મહાવીર, લાલ ગુલાબ, અપંગના ઓજસ, ઝાંકળ બન્યું મોતી

**આપના માતા-પિતા વિશે કહો.**

મારા પિતાજી જયભિખ્ખુએ યુવાવસ્થામાં લેખનનો વ્યવસાય અપનાવ્યો હતો. ૨૧ વર્ષની ઉંમરે તેમણે નિર્ણય લીધો કે કલમના આશરે જીવવું. આર્થિક સધ્ધરતા તો હતી જ નહિ પણ સ્વભાવે ભારે સિધ્ધાંતવાદી અને સ્વાભિમાની. તેમણે જૈન સમાજજીવનની કથાઓને માનવતાના પરિપ્રેક્ષ્યમાં વ્યાપક દર્શન સાથે રજૂ કરી. સ્થુલિભદ્ર, ચક્રવર્તી ભરત, બાહુબલી, ઋષભદેવ, મહાવીર વગેરે અનેક વિરાટ વ્યક્તિત્વને તેમણે માનવતાવાદી સ્પર્શ સાથે રજૂ કર્યા. પિતાજી ૨૪ ડિસેમ્બર ૧૯૬૯ની સાંજે મૃત્યુ પામ્યા ત્યારે તેમના જીવનના એકાઉન્ટમાં હતું ૩૦૦ પુસ્તકોનું સર્જન. તેમના કાર્યની જો કે યોગ્ય કદર થઈ ન હતી.

પિતા સૂર્ય જેવા હતા તો માતા ચંદ્ર જેવા હતા. પિતાનો ગુસ્સો ઘણો પ્રબળ હતો. એમની નજીક જવામાં થોડી મૂશ્કેલી અનુભવાય પણ માતાનો તો હંમેશા મને પારાવાર પ્રેમ અને ભારતીય નારીમાં હોય એવી કોઠા સૂઝ મળ્યા. આજે હું જે કંઈ છું એ માતાપિતાએ આપેલા સંસ્કાર વારસાને કારણે છું.

**પણ આજકાલ આપણે ત્યાં**

**માતા વિશેના મારા ખ્યાલો એવા છે કે માને બાદ કરો તો આપણી સંસ્કૃતિમાં શું બચે? આપણે ગરીબ થઈ જઈએ. માતાના પ્રેમનું જે મૂલ્ય છે તે વાસ્તવમાં અનમોલ છે. મા એટલે મા. એને બીજી ઉપમા ન આપી શકાય. એની તોલે કોઈ ન આવી શકે.**



માતા જયાબેન, લેખક પિતા જયભિખ્ખુ સાથે ડૉ. કુમારપાળ દેસાઈ અને પત્ની પ્રતિમાબેન

**ટીવી સિરીયલોમાં માતાનું પાત્ર યોગ્ય રીતે રજૂ કરાતું નથી. આપ શું માનો છો?**

મારી મોટામાં મોટી ચિંતા એ જ છે કે ટેલિવિઝન ચેનલો દ્વારા માતાની ભવ્યતા, માતાની ગરિમા આજે છિન્ન–ભિન્ન થઈ રહી છે. માતાની સ્થાપિત છબીને આજે ટીવી ચેનલોમાં ખરડાયેલી બતાવાય છે. બાળક તો છે પણ એનો પિતા કયો પુરૂષ છે એવા એવા પ્રશ્નો ઉઠાવાય છે. આ સ્થિતિ ભારતીય સંસ્કૃતિના મૂળમાં ઘા કરનારી છે.

**તમારી વાત સાથે અમે પૂર્ણતઃ સંમત છીએ. આ સમસ્યા ખૂબ ભયાવહ બનતી જાય છે. ડાળ કે પાંદડા કપાય તો બહુ વાંધો ન આવે પણ આ તો રૂટ્સને, મૂળને જ છિન્ન ભિન્ન કરાય રહ્યા છે.**

હાજી, બિલકુલ. આજે દુનિયાના અનેક દેશો પોતાના અસલ મૂળ તરફ પાછા ફરી રહ્યા છે. લોકો આજે શાંતિ શોધે છે. શાંતિ અને સંવાદિતાનું શિક્ષણ પુરુ પાડવા પશ્ચિમમાં ઈન્સ્ટીટયુશન્સ ખૂલી રહી છે. મારે એ કહેવું છે કે આ બધું તો મારા દેશમાં છે જ. એક સ્વાનુભવની વાત કરું. હું થોડા સમય પહેલા યુનાઈટેડ નેશન્સના એક ચેપલમાં પ્રવચન આપવા ગયો હતો. મારા પ્રવચનનો વિષય હતો : 'અ જર્ની ઓફ અહિંસા : ફ્રોમ મહાવીર ટુ મહાત્મા ગાંધી'. તમને આશ્ચર્ય થશે પણ મેં ત્યાં સ્પષ્ટ કહ્યું કે તમારો અને અમારો અહિંસાનો ખ્યાલ તદન જુદો છે, અમારે ત્યાં કોઈના પ્રત્યે થતો ખોટો વિચાર પણ હિંસા છે. યુધ્ધ પહેલાં તો મનમાં જ ખેલાય છે અને પછી મેદાનમાં. અહિંસાની સુક્ષ્મતા અને સૃષ્ટિ સાથેનું તાદાત્મ્ય મેં સમજાવ્યા પછી એક પાદરીએ મને કહ્યું : 'મિસ્ટર દેસાઈ, ગીવ અસ મહાવીર. વી નીડ મહાવીર' મારે તમને આ જ તો ભારપૂર્વક કહેવું છે. આ સંસ્કૃતિની ખૂબી જ એ છે કે અહી મહાવીર છે. જ્યાં મહાવીર હોય ત્યા માનવતા હોવાની જ એ કહેવાની જરૂર ખરી?

**કુમારપાળ ભાઈ, અત્યારે આપની સાથે ઈન્ટર્વ્યૂ કરતા મનનીય ધર્મ સંવાદ થતો હોય એવું 'ફિલ' થાય છે. જૈન ધર્મ એટલે વૈશ્વિક મૂલ્યો, માનવ માનવ વચ્ચેની સંવાદિતા અને શાંતિપૂર્ણ સહ અસ્તિત્વનો ગરિમાપૂર્ણ પ્રવાહ... 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' એ જૈન સૂત્ર માનવતાનો મહિમા કરતી વૈશ્વિક ભાવનાની મુખર અભિવ્યક્તિ છે.**

ચોક્કસ વળી. જુઓ જૈન ધર્મને પ્રચલિત અર્થમાં ધર્મ કરતા અધિક અને વિશેષ કહી શકાય. જૈન ધર્મ એ વાસ્તવમાં 'જીવો અને જીવવા દો'ની ભાવના પર રચાયેલ પરાકાષ્ઠારૂપ જીવનશૈલી છે જેમાં તમામના અસ્તિત્વનો સાદર સ્વીકાર છે. દા.ત. તમે ભગવાન મહાવીરનું એક જ વાક્ય લો–કે જેને તું મારે છે, જેને તું હણે છે, જેને તું પીડે છે, તેને તું મારતો નથી, તેને તું હણતો નથી પણ તારી જાતને મારે છે, તારી જાતને પીડે છે. દુનિયાના પર્યાવરણની જાળવણી માટે આનાથી



જૈન ધર્મના પ્રતિનિધિ મંડળ સાથે કેથોલિક ખ્રિસ્તી ધર્મના વડા પોપ જ્હોન પોલ બીજાની મુલાકાત લેતા કુમારપાળ દેસાઈ

મોટો બીજો કોઈ સિધ્ધાંત નથી. અમે જ્યારે બકિંગઘમ પેલેસમાં વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચરના અધ્યક્ષ ડયુક ઓફ એડીનબરો પ્રિન્સ ફિલીપને મળવા ગયા ત્યારે મેં કહ્યું કે અમારે ત્યાં તો ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં કહ્યું હતુ કે વનસ્પતિમાં જીવ છે. એ લોકોને પારાવાર આશ્ચર્ય થયું કે આટલા વર્ષો પહેલા તમને આ બધી જાણ હતી! હું ગર્વથી કહીશ કે આપણા ધર્મને સુમેળ કહો, સંવાદિતા કહો, પર્યાવરણ કહો– ચાહે ઔર કોઈ ઉચિત નામ આપો પણ પાયાનું સત્ય એ જ રહેશે કે જૈન ધર્મ પર્યાવરણ સાથે અતૂટપણે જોડાયેલો છે. જૈન ધર્મ કેટલો વ્યાપક અને ગહન છે એ મારે અહીં કહેવું છે. આપણું મોટું દુર્ભાગ્ય છે કે આપણે નાના–નાના સંપ્રદાયો, જૂથો, વાડાઓ, પંથોમાં, નાની નાની ક્ષુલ્લક બાબતોમાં અટવાઈને ધર્મના મૂળતત્ત્વોથી દૂર ચાલ્યા ગયા છીએ.

**તમારા જીવનમાં અલગ અલગ તબક્કે કઈ કઈ વ્યક્તિઓએ સૌથી વધુ અસર કરી છે?**

મારા ધર્મચિંતનની પ્રેરણા માટે હું પંડિત સુખલાલજીનું નામ લઈશ. આપણા જૈન સાધુ મહાત્માઓ, આચાર્ય મહાપ્રજ્ઞજીના ગ્રંથો અને એમના પ્રત્યક્ષ–પરોક્ષ સંપર્કે મારા પર ગાઢ અસર કરી છે. હું ધર્મના મંથનમાં, વલોવવામાં માનું છું. પરિણામે મને ધર્મમાંથી હંમેશા નવી નવી વાતો મળી છે. દા.ત. મહાવીર સ્વામીના ત્યાગની વાતો કરીએ તો હું એ ત્યાગની સાથે ઘર સંસાર મહિમાની પણ વાતો કરું છું. ભગવાન બુધ્ધે પત્ની યશોધરા અને પુત્ર રાહુલ નિદ્રાધીન હતા ત્યારે તેમનો ત્યાગ કર્યો હતો પણ મહાવીરે પોતાની પત્નીની સંપૂર્ણ સંમતિથી સંસાર ત્યાગ કર્યો હતો. મારે એ કહેવું છે કે જીવનના સંબંધો એ કંઈ નાખી દેવા જેવી, ઘૃણા કરવા જેવી બાબત નથી. સંબંધોની પણ ગરિમા છે. જૈન ધર્મે માત્ર ત્યાગની જ વાત નથી કરી, સુંદર જીવનની પણ વાત કરી છે. નહિ તો વીર પ્રભુ ચતુર્વિધ સંઘની રચનામાં શ્રાવક શ્રાવિકાને પણ શા માટે સામેલ કરે? વર્ધમાન મોટાભાઈ

નંદીવર્ધનના કહેવાથી બે વર્ષ વધારે સંસારમાં રહ્યા હતા. એમણે સંબંધોની ગરિમા જાળવી હતી.

**તમારા વિચારો જડ કે રૂઢિગત નથી. તમારું ચિંતન મૌલિક અને ઉદાર છે. તમારા મંતવ્યો અને દ્રષ્ટાંતોમાં મહાવીર એટલે કે માનવતાનો મહિમા કેન્દ્ર સ્થાને હોય છે. તમે ઘણી રૂઢિ કે અંધ માન્યતાઓનો વિરોધ કરો છો. તો શું તમારે લોકોનો વિરોધ સહન કરવો પડયો નથી?**

મને દરેક પંથ ફિરકાઓના સાધુ મહાત્માઓનો ખૂબ જ સ્નેહ મળ્યો છે, સહકાર મળ્યો છે પણ આપણા જૈન સમાજનું દુર્ભાગ્ય છે કે કોઈપણ સારું કાર્ય કરો તો તેનો પ્રથમ તો અચૂક વિરોધ થાય છે. આપણે સાથે રહીને કામ કરવામાં માનતા નથી. એકબીજાને સમજીને કામ કરી શકતા નથી. આપણે વાત ભલે અનેકાન્તવાદની કરીએ પણ વ્યવહારમાં એ અનેકાન્તવાદ ક્યાંય દેખાતો નથી. મારો વિરોધ થોડો ઓછો થયો છે કારણ કે હું અખબારોમાં લખું છું. તેથી મારી પાસે નમ્રતાથી જવાબ આપવાનું માધ્યમ છે.

**આપણા જૈન સમાજનુ દુર્ભાગ્ય છે કે કોઈપણ સારું કાર્ય કરો તો તેનો પ્રથમ તો અચૂક વિરોધ થાય છે. આપણે સાથે રહીને કામ કરવામાં માનતા નથી. એકબીજાને સમજીને કામ કરી શકતા નથી. આપણે વાત ભલે અનેકાન્તવાદની કરીએ પણ વ્યવહારમાં એ અનેકાન્તવાદ ક્યાંય દેખાતો નથી.**

**આપની સાથેના મુક્ત સંવાદમાં મૌલિક ચિંતનની પ્રતીતિ થાય છે. ભગવાન મહાવીરના જીવન અને વાણીની આપ પર શું અસર છે?**

મારા પર સૌથી વધુ પ્રભાવ જો કોઈનો હોય તો તે ભગવાન મહાવીરની વાણીનો છે. મેં ગ્રંથોમાં ભગવાનને પૂછાયેલા પ્રશ્નો અને તેના ઉત્તરો વાંચ્યા છે. ભગવાને બહુ સરસ સમજાવ્યું છે કે સ્વર્ગ કોને મળે, નરક કોને મળે. હું જ્યાં પણ પર્યુષણ વ્યાખ્યાન માટે જાઉં ત્યાં ભગવાન મહાવીરની વાણી પર ઓછામાં ઓછા બે પ્રવચન આપું છું. મહાવીરના વિચાર તો જુઓ. કેવી ઊંચાઈ છે એ વિચારોમાં! મુનિ કોને કહેવાય? તો પ્રભુ કહે છે, 'અસુતા મુનિ!" જે સૂતો નથી એ મુનિ. કેટલી અદ્‌ભુત વાણી છે. હું હંમેશા હસતા હસતા કહું છું કે મારા પ્રવચનનો, વિચારોનો આધાર મહાવીર વાણી છે. જ્યાં માણસની ઈચ્છાઓથી લઈને મોક્ષપ્રાપ્તિ સુધીની વાતો વણી લેવામાં આવી છે. દુર્ભાગ્ય આપણું એ છે કે ભગવાનને પૂછાયેલા તમામ પ્રશ્નો અને ભગવાને આપેલા તમામ ઉત્તરોનું આપણી પાસે એક પણ સર્વગ્રાહી પુસ્તક ઉપલબ્ધ નથી. દુનિયાના એકપણ ધર્મમાં આવી સ્થિતિ નથી. દા.ત. હિન્દુ ધર્મમાં શ્રીકૃષ્ણની વાણી ગીતામાં છે. શીખોનાં ગ્રંથસાહેબમાં ગુરુઓની વાણી છે. મહાવીરની વાણી માટે એકાદ સવગ્રાહી ગ્રંથ પણ નથી.



**જૈન ધર્મની કઈ બાબત માટે તમને એવું થાય કે હું આ વાત બધાને ગર્વપૂર્વક જણાવું?**

અનેકાંતવાદ અને અહિંસા. સત્યની પરમ તાલાવેલી અને ક્ષમાનું ઉજ્જવળ શિખર. મારા કેટલાક સંશોધનને કારણે મારો નમ્ર અભિપ્રાય છે કે જો જૈન ધર્મ ન હોત તો આ જગતને મહાત્મા ગાંધી ન મળ્યા હોત. મારા પુસ્તક 'જૈન ધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી'માં આ વિશે આધારભૂત માહિતી રજૂ કરી છે. શ્રીમદ્ રાજચંદ્રએ કદાચ પત્ર દ્વારા માર્ગદર્શન ન આપ્યુ હોત તો ગાંધીજીએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી લીધો હોત. ગાંધીજી લખે છે કે એ વેળા હું આધ્યાત્મિક ભીડમાં હતો. ગાંધીજીની ધર્મ સંબંધી શંકાઓનું નિરાકરણ શ્રીમદ્ રાજચંદ્રજીએ કર્યું.

જૈન ધર્મની વિંડબના તો તમે જુઓ. આટલો અનમોલ વારસો લઈને જૈનો બેઠા છે પણ પોતાના ધર્મની પરબેથી આ ઉદાત્ત વિચારો અન્ય કોઈને પીવડાવતા નથી. જૈનો આ વિચારો બીજા સુધી કેમ લઈ જતા નથી?

તમે જો તમારા ઉમદા સિધ્ધાંતો, ઉમદા વારસો જન સામાન્ય સુધી ન પહોંચાડો તો એમને ખબર જ કેમ પડે કે મહાવીર શું છે?

**તમે આટલા ઉત્સાહ અને ઉર્જાથી અમારી સાથે વાત કરી રહ્યા છો તો તમારો આ તરવરાટ, વૈચારિક તરોતાજગી જોઈને કહેવાનું મન થાય કે આ ચુસ્તી તંદુરસ્તી– કેવી રીતે જાળવી શક્યા છો?**

મારો જન્મ ૩૦ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ એટલે કે મને ૬૮ વર્ષ થયા. મારી તંદુરસ્તી પાછળ ધર્મમાંથી અને જ્ઞાનમાંથી મળેલી પ્રસન્નતા છે. જેમ જેમ તમે જીવનનો અભ્યાસ કરો તેમ તેમ તમે જીવનને એક સાક્ષીરૂપે જોતા થઈ જાઓ છો. હું જે વિચારો અને ખ્યાલો પામ્યો તેની મસ્તી અને આનંદ મને ધર્મમાંથી મળ્યા છે. મારી દ્રષ્ટિએ ધર્મ અને અધ્યાત્મ જીવવાની બાબત છે. અત્યારે હું પરમનો સ્પર્શ નામે પુસ્તક લખું છું. એમાં મારે આ જ બતાવવું છે. તમારા જીવનમાં આવતી સમસ્યાઓ અને અડચણો તમારી લાઈફ સ્ટાઈલને કારણે છે. એને જૈન જીવન અનુરૂપ રાખો તો ઘણા પ્રશ્નો ઉકલી જશે. મેં તો જેમની મસ્તી અદ્‌ભુત હતી એવા આનંદઘનજી પર પી.એચ.ડી કર્યુ છે એટલે મારે મન તો ભીતરથી પ્રસન્નતા ફૂટે છે. (આવતા અંકમાં વાંચો : ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા જૈન સમાજ જીવનને સ્પર્શતા ૧૦ જ્વલંત પ્રશ્નોની ચર્ચા)